# ગાંધીનગરનું ગગન ગાજ્યું : હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલ કી....

● સવારે ભગવાનની પુજા વિધી અને આરતીમાં પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીની આગેવાનીમાં મેયર હીતેશ મકવાણા, નિશિત વ્યાસ, અરૂણ બુચ , ડો ચેતના બુચ સહીત ગામના અગ્રણીઓ અને ભાવિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

● સે-૨૨ માં વેપારી અગ્રણીઓ અને સેકટરવાસીઓએ રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. વાદળિયા વાતાવરણમાં આગળ વધતી રથયાત્રામાં ગમે ત્યારે અમી છાંટણા વરસશે તેવી આશ ભાવિકોમાં પ્રબળ બની હતી.

● સે-૧૭ : ૨૨ પાસે પણ વેપારીઓ અને સેકટરના સ્થાનિકોએ દર્શનનો લાભ લીધો હતો. સે-૧૭ શોપિંગમાં પણ રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરાયુ હતુ. જયારે સે-૧૭ હનુમાન મંદિરના પુજારીએ ભગવાનની પુજાવિધી અને આરતી કરી હતી. કાંસાની થાળી વગાડીને રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ.

● સે-૧૬ નાગરિક બેંક પાસે પણ ભાવિકોને ઠંડા પાણીનુ વિતરણ કરાયુ હતુ. રથયાત્રાનુ પણ સ્થાનિક વેપારીઓએ સ્વાગત કર્યુ હતુ.

● સે-૧૬ માં ભગવાનના રથના પૈડાને હવા પુરવામાં આવી હતી જયારે વેપારીઓએ આરતી પુજા કરી ધન્યતા અનુભવી હતી.

● સે-૧૬ બ્રહ્મભવન પાસે સોમનાથ મંદિર દ્વારા રથયાત્રાનુ સ્વાગત અને પુજા કરવામાં આવી હતી જયાં હેપ્પી યુથ ક્લબના યુવાનો દ્વારા ગાંઠીયા, બુંદીના પ્રસાદનુ વિતરણ કરાયુ હતુ.

● રથયાત્રા પસાર થયા બાદ હેપ્પી યુથ ક્લબના સેવાભાવીઓએ આ વિસ્તારની સફાઇ પણ કરી હતી.

● ફતેપુરામાં ગ્રામજનો અને આસપાસના શ્રમિકોએ ભાવપુર્વક ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

● સે-૧૩ અને સે-૧૨ માં રથયાત્રાના દર્શન માટે ભાવિકો ઉમટી પડતા ભીડ વધી હતી.

● સે-૧૩ માં રૂટમાં આગળ વધતી રથયાત્રા દરમિયાન માર્ગની એકબાજુએ ખોદકામના લીધે એક રીક્ષા પલ્ટી ખાતા રહી ગઇ હતી.

● સેકટરોમાં દર્શનાર્થીઓમાં બાળકો, મહીલાઓ અને સિનિયર સીટીઝન્સ દર્શનાર્થીઓની ભીડ પણ વધુ જોવા મળી હતી.

● સે-૧૨ માં ભાજપ બક્ષી પંચ મોરચના ઉપાધ્યક્ષ નાજાભાઇ ઘાંઘરે ભાવિકો માટે ઠંડા પાણી. છાશ અને નાસ્તાની વ્યવસ્થા કરી હતી.

● સે-૧૨માં પણ વેપારીઓ ઉમિયાધામ અને બલરામ મંદિર દ્વારા રથયાત્રાાનુ ભવ્ય સ્વાગત કરાયુ હતુ. સે-૬ માં શાળાના વિદ્યાર્થીઓએ કતારબધ્ધ ઉભા રહીને દર્શન કરી જય રણછોડનો જયઘોષ કર્યો હતો.

● સેકટરમાં લઘુમતી મોરચા દ્વારા રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરાયુ હતુ.

● સે-૬ માં ભાવિકોને ગરમ ચા પિરસવામાં આવી હતી ભુવનેશ્વર મંદિર અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ.

● સે-૩ :૬ પાસે રથયાત્રામાં ભાવિકોની ભીડ ઉમટી પડી હતી. જેથી દર્શન માટે ભગવાનનો રથ વધુ સમય રોકાયો હતો જેમાં ભુલકાઓ અને મહીલાઓની સંખ્યા પણ વિશેષ જોવા મળી હતી.

● ઘ-૨ પાસે કોંગ્રેસના આગેવાનો નિશિત વ્યાસ, હીંમાશુ પટેલ સહીતના આગેવાનોએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતું

● સે-૨ વસાહત મહામંડળના પદાધિકારીઓ દ્વારા પણ રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ ભાવિકોએ પણ મોટી સંખ્યામાં દર્શનનો લાભ લીધો હતો : જયાં છાશ અને ઠંડા પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

● સે-૭ માં શોપિંગ સેન્ટરમાં પહોંચેલી રથયાત્રાનુ વેપારીઓએ ભવ્ય સ્વાગત કર્યુ હતુ ભાવિકોને ઠંડી છાશ અને ઠંડુ પાણી વિતરણ કરાયુ હતુ.

● સે-૭ માં રથયાત્રા પ્રવેશતા લાયન્સ, લાયોનેસ અને લીઓ ક્લબના અગ્રણીઓએ રથયાત્રાનુ સ્વાાગત કર્યુ હતુ. બાળકો અને ભાવિકોને ચોકલેટ તેમજ બિસ્કીટનુ વિતરણ કરાયુ હતું.

● સે-૮ માં ગાંધીનગર સમાચાર પરિવાર તેમજ કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાએ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ.

● સેકટરના વેપારીઓએ પણ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ : સે-૮ માં રથયાત્રા પર વરસાદના અમીછાંટણા થતા ભાવિકોમાં હર્ષની લાગણી વ્યાપી હતી.

● પંચદેવ મંદિરથી ભગવાનનો રથ ખેંચતા પંચદેવ યુવક મંડળના યુવાનો પણ સતત જય રણછોડ માખણ ચોરયના જયઘોષ સાથે અનોખી શ્રધ્ધા ભકિત સાથે શરૂઆતથી જ રથ ખેંચતા નજરે પડયા હતા.

● સેકટર-૮ ખાતે રાધે પરિવાર દ્વારા મીઠાઈનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● છ-૩ પાસે ટાઈગર ગ્રુપના દલપતસિંહ ઠાકોર અને મિત્રો દ્વારા ૪૦૦૦ પાણીની બોટલનું વિતરણ કરાયું હતું.

● ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, મેરીટાઈમ બોર્ડ સહિતની કચેરીના કર્મચારી ભાઈ બહેનો દ્વારા રથયાત્રાનું સ્વાગત કરી ભગવાન જગન્નાથના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

● છ-૪ સર્કલ પાસે કર્મચારી મહામંડળ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



















● પોલીસ ભવન ખાતે રાજયના ડીજીપી દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે પોલીસ કર્મચારીઓએ ભગવાનના દર્શનનો લ્હાવો લીધો હતો.

● સેકટર-૧૯ માં વેપારી મંડળ દ્વારા રથયાત્રાનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

● સેકટર-૨૦ અક્ષરધામ મંદિર ખાતે રથયાત્રાનું ભવ્ય સ્વાગત કર્યુ હતું. જયારે ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસાર દ્વારા ભગવાનની આરતી ઉતારી પ્રસાદનું વિતરણ કર્યું હતું.

● ચિલ્ડ્રન યુનિવર્સિટી પાસે રહેણાંક વિસ્તારના વસાહતી ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહીને ભગવાનના દર્શન કરી પ્રસાદનો લાભ લીધો હતો.

● સેકટર-૩૦ છ-૬ પાસે રથયાત્રાનું સ્વાગત સ્થાનિક નાગરીકો દ્વારા કરવામાં આવ્યું હતું.

● સેકટર-૩૦ ગુરૂદ્વારા પાસે આપ પાર્ટી કાર્યકરો દ્વારા રથયાત્રાનું સ્વાગત કરાયું હતું.

● સેકટર-૩૦ શોંપીગ સેન્ટર અને વીર સાવરકરના વસાહતીઓએ રથયાત્રાનું સ્વાગત કરી દર્શનનો લાભ લીધો હતો.

● જલારામ મંદિર ખાતે જલારામ સેવા સમાજના ભાઈ બહેનો દ્વારા ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી.

● જલારામ મંદિર ખાતે હજ્જારો ભકતોએ મોહનથાળ, ખીચડી-શાક અને છાશનો પ્રસાદ લીધો હતો.

● પોલીસ અધિકારી, કર્મચારી ભાઈ બહેનો રથયાત્રામાં પગપાળા જોડાયા હતા.

● રથયાત્રામાં ગાડીઓ, ડી.જે., બેન્ડવાજા, ટ્રેકટર, ઉંટલારી, સહિતના વાહનો જોડાયા હતા.

● જલારામ મંદિરે વિરામ બાદ પ્રસાદ ભરવા ગયેલું એક ટ્રેકટર લેટ થતાં રથયાત્રાનું પુનઃપ્રસ્થાન આશરે ૨૦ મિનિટ જેટલી મોડું પ્રારંભ થયું હતું.

● જલારામ મંદિરે જાણીતા અભિનેતા તથા યુવા અગ્રણી જનક ઠક્કરે પરિવાર સહિત દર્શન કર્યા હતાં.

● સે.૨૮ના બાલોદ્યાન ખાતે બાળકો અને બહેનોએ પુષ્પવર્ષા કરીને રથયાત્રાને આવકારી હતી.

● અહીં એકતા મિત્ર મંડળ દ્વારા કાકડી-જાંબુના પ્રસાદ સાથે શરબત અને ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી

● સે.૨૮ શોપિંગ સેન્ટરના વહેપારીઓ અને ધર્મેન્દ્ર પટેલ દ્વારા ૫૦૦થી વધુ ગ્લાસ શિકંજી પીવડાવવાની સેવા આપવામાં આવી હતી.

● સે.૨૮માં વરિયા પ્રજાપતિ સમાજ દ્વારા ૫૦૦ લિટર જેટલો લીંબુ શરબત પીરસવામાં આવ્યો હતો.

● સે.૨૭/૨૮ અને સે.૨૭/૨૪ સાંઈબાબા ચોકડી ખાતે અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના યુવાનોએ ઠંડા પાણીની સેવા આપી હતી.

● એસઆરપી કોલોનીમાં શિવશક્તિ મંદિરે પોલીસ કર્મચારીઓ દ્વારા ભગવાન જગન્નાથની આરતી ઉતારવામાં આવી હતી.

● ડીએસપી કચેરી ખાતે લાઈઝન અધિકારી પી સી વાલેરા સાહેબ અને ઓફિસ સુપ્રિટેન્ડન્ટ જોષી સાહેબે પુષ્પમાળાથી રથયાત્રાનું સ્વાગત કર્યું હતું.

● સે.૨૭માં શિવશક્તિ સોસાયટી દ્વારા રથયાત્રામાં જોડાયેલા અખાડિયનો, સ્વયંસેવકો તથા શ્રધ્ધાળુઓને ૧૬૦ લીટર છાશ પીવડાવાઈ હતી.

● સે.૨૭માં દર વર્ષની જેમ બાલમુકુન્દ સેવા સમિતિ દ્વારા ૨૫ લીટર દૂધની આશરે ૧ હજાર કપ જેટલી ગરમાગરમ ચા પીવડાવીને રથયાત્રાનું સ્વાગત કરાયું હતું.

● ખ-૬ સર્કલ નજીક સે.૨૫ના પોપટભાઈ ભગવાનભાઈ પ્રજાપતિ દ્વારા ૨૫ જેટલાં મોટા બોક્સ જેટલાં ૨૦-૨૦ બિસ્કીટનું વિતરણ કરાયું હતું.

● રથયાત્રા સે.૨૪ પીળા પટ્ટામાં પંહોચતાં રામદેવપીરના મંદિર દ્વારા ૭૫ કેરેટ જેટલી ઠંડા પાણીની બોટલોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

● સે.૨૪માં હનુમાનજી મંદિર પાસે ભગવાન જગન્નાથજીના દર્શન કરવા દર્શનાર્થીઓએ હકડેઠઠ ભીડ જમાવી હતી.

● સે.૨૪માં આર્ય સમાજ નજીક શ્રીનગર એકતા સમિતિ દ્વારા ૧૭૦ સેવ-બુંદીના પ્રસાદ સાથે રથયાત્રાને આવકારવામાં આવી હતી.

● સે.૨૪માં ઈન્દિરા નગર વસાહત મંડળ ખાતે પટ્ટણી પરિવાર દ્વારા ૨૦ કિલો જાંબુ-મગ-કાકડી અને ૪૦૦ લીટર જેટલાં ઠંડા શરબતના વિતરણની સેવા આપવામાં આવી હતી.

● રથયાત્રા આવી પહોંચતા ઈન્દિરાનગર વસાહતમાં બાળકોએ ડીજેના તાલે મન મૂકીને ડાન્સ કર્યો હતો.

● રથયાત્રા સે.૨૩માંથી પસાર થઈ રહી હતી ત્યારે મેઘરાજાએ વરસાદી ઝાપટાં સાથે હેત વરસાવ્યું હતું.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




પ્રભુ, કાલ તમે બહાર નીકળ્યા તો તમે જાતે જ જોયુને. કે અને કેવામાં જીવીએ છીએ...!!

## ગલુદણ દંતાણીવાસમાંથી પાંચ જુગારી ઝડપાયા

ગાંધીનગર, તા.૧

ગલુદણ ગામના દંતાણી વાસમાં ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા પાંચ શકુનીઓને પોલીસે પકડી પાડ્યા છે. પોલીસે અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ડભોડા પોલીસના જવાનો પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ગલુદણ ગામના પાટીયા પાસે પહોંચતા તેઓને બાતમી મળી હતી કે ગલુદણ ગામના દંતાણી વાસ ખાતે ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં કેટલાક જુગારીઓ કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા છે. પોલીસે સ્થળ પર જઈ રેઈડ કરતા જુગાર રમી રહેલા ગામના નવા વાસ ખાતે રહેતા બળદેવજી શનાજી ઠાકોર, ભગવાનજી વેચાતજી ઠાકોર (સોનારડા ગામ), કાંતિભાઈ રામુભાઈ દંતાણી (સોનારડા ગામ), અશોકભાઈ મંગાભાઈ દંતાણી (દંતાણીવાસ ગલુદણ), અશોક દિનેશ દંતાણી (દંતાણીવાસ ગલુદણ)ને પકડી પાડ્યા હતા. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૭૨૦ નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.



સેકટર-૭-એ વસાહત મંડળના પ્રમુખ જસવંત ગાંધી, ખજાનચી ભદ્રેશ શાહ અને સક્રિય કાર્યકર અજય ગાંધી તેમજ ઉપસ્થિત બહેનો દ્વારા રથયાત્રાનું શોપિંગ સેન્ટર ૭ ઉપર ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.



શહેરના નવા સેકટર-૧ થી ૫ ના રીંગ રોડ ઉપર પ્રેરણા રથયાત્રાએ ટ્રેકટરો ઉપરાંત ડીજે સાથે પરિભ્રમણ કર્યું હતું. પ્રેરણા રથયાત્રામાં ઠેર ઠેર ઉત્સાહભેર ભગવાન જગન્નાથજીનું સ્વાગત કરાયું હતું. આ રથયાત્રામાં એનએનએસના યુવાનોએ પોલીસ વેશમાં ખાસ આકર્ષણ જમાવ્યું હતું તે ઉપરાંત ભજન મંડળીઓ પણ જોડાઇ હતી.

## શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગરમાં રથયાત્રા ઉત્સવની ઉજવણી



ભૂમંડળ સ્થિત તીર્થોત્તમધામ મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે સંતો અને હરિભક્તો દ્વારા રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે પણ શ્રી સ્વામિનારાયણ ગાદીના ષષ્ઠ વારસદાર પ્રવર્તમાન આચાર્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અનુજ્ઞાથી મોટેરા સદ્ગુરુ સંતોના પુનિત સાનિધ્યમાં રથયાત્રા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે મોટેરા સદ્ગુરુ સંતોએ સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની આરતી ઉતારી હતી. આ પાવનકારી અવસરના દર્શનનો લ્હાવો દેશ દેશના હરિભક્તોએ પરમ ઉલ્લાસભેર લીધો હતો.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાનું સી.એમ ડેશબોર્ડના માધ્યમથી નિરિક્ષણ કર્યુ

ગાંધીનગર, તા. ૧

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદ મહાનગરની ૧૪૫મી જગન્નાથ રથયાત્રા સહિત રાજયના નગરોમાં અષાઢી બીજે નીકળેલી રથયાત્રાઓનું તલસ્પર્શી નિરિક્ષણ સી.એમ. ડેશબોર્ડના માધ્યમથી કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદના જગન્નાથ મંદિરેથી વહેલી સવારે પહિંદ વિધિ કરીને ભગવાનના રથને નગરચર્યાએ પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યાર બાદ મુખ્યમંત્રી નિવાસ સ્થાને પહોચીને તેમણે સી.એમ. ડેશબોર્ડની વિડિયો વોલ પર આ યાત્રાનું થઈ રહેલું રિયલ ટાઈમ મોનિટરિંગ રસપૂર્વક નિહાળ્યું હતું.

આ વર્ષની રથયાત્રામાં રાજ્યના ગૃહ વિભાગે પ્રથમવાર ડ્રોન ટેકનોલોજી દ્વારા ૬૫ મીટર જેટલી ઉંચાઈએથી યાત્રા પર બાજ નજર રાખવાનો જે સફળ પ્રયોગ કર્યો છે, તે પણ મુખ્યમંત્રીશ્રીએ ઊંડાણપૂર્વક જોયો હતો. હેલિકોપ્ટર અને ડ્રોનથી રથયાત્રાની થઈ રહેલી સુરક્ષાની તેમણે સરાહના કરી હતી. ગુજરાત પોલિસના જે જવાનો કર્મચારીઓ અમદાવાદની આ રથયાત્રામાં સંવેદનશીલ સ્થળો, પોઈન્ટ પર તૈનાત છે તેમને પણ પહેલીવાર ૨૫૦૦ જેટલા બોડીવોર્ન કેમેરાથી સજ્જ કરવામાં આવેલા છે તેની ગતિવિધિઓ પણ મુખ્યમંત્રીશ્રીએ નિહાળી હતી.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની બેઠક તેની સરગાસણ સ્થિત કચેરીએ મળી હતી.

● ગાંધીનગર શહેરમાં આજે સાંજે થયેલા વરસાદમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

● ગુજરાત સમાચારના પત્રકાર દક્ષેશ પાઠકના પિતા અને જાણીતા કર્મચારી અગ્રણી ડી.આર. પાઠકનું આજે દુઃખદ અવસાન થયુ છે.

● ગુજરાત વહીવટી સેવાના ૮ જેટલા અધિકારીઓ વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં તેમના હોદ્દાનો ચાર્જ અન્ય અધિકારીઓને સોંપવાના હુકમો સામાન્ય વહીવટ વિભાગે કર્યા છે.

● ગાંધીનગરમાં વસતા કચ્છી પરિવારોએ આજે તેમના નૂતન વર્ષની ઉજવણી ધામધૂમથી કરી હતી.

● ગાંધીનગર જિલ્લાના ૫૦થી વધુ ગામો અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળમાં સમાવેશ થયેલો છે તેની આજે બોર્ડ બેઠક છે.

● ગાંધીનગર શહેરમાં ગટરો ઉભરાવવાની સમસ્યા હવે નવા સમાવવામાં આવેલ વિસ્તારોમાં પણ ઉઠી છે.

● ગાંધીનગર મનપા દ્વારા ઈ.વેસ્ટ માટે આજે મનપાનું સત્તાવાર વેબ પેજ મેયર દ્વારા લોકાર્પણ કરાશે.